**અગ્રતા ક્રમ : ૦૬**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૧૬૪**

**પ્રશ્નની વિગત: અભિલેખાગાર દ્વારા પી.જી.ડિપ્લોમા ઈન આર્કાઈવ્ઝ માટે એમ.ઓ.યુ.**

**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી સંદિપભાઈ દેસાઈ (ચોર્યાસી)**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- : શ્રી સંદિપભાઈ દેસાઈ (ચોર્યાસી)**

**પૂરક પ્રશ્ન (૧) : ગુજરાત રાજયમાં કેટલી અભિલેખાગાર કચેરીઓ આવેલી છે? અને તેમાં કેવા પ્રકારની કામગીરી થાય છે?**

**જવાબ:**

**માન.અધ્યક્ષશ્રી**

ગુજરાત રાજય અભિલેખાગાર કચેરીનું વડું મથંક ગાંધીનગર ખાતે આવેલ છે. તેના તાબા હેઠળ કુલ ૦૬ પ્રાંતીય કચેરીઓ કાર્યરત છે.

(૧) દક્ષિણ વર્તુળ અભિલેખાગાર કચેરી, વડોદરા

(૨) પશ્ચિમ વર્તુળ અભિલેખાગાર કચેરી, રાજકોટ

(૩) જિલ્લા અભિલેખાગાર કચેરી, જામનગર

(૪) જિલ્લા અભિલેખાગાર કચેરી, જૂનાગઢ

(૫) જિલ્લા અભિલેખાગાર કચેરી, ભાવનગર

(૬) જિલ્લા અભિલેખાગાર કચેરી, પોરબંદર

અન્ય રાજ્યો કરતાં ગુજરાત રાજ્યના અભિલેખાગારની વિશેષતા ઘણી વિશાળ છે. તેનું કારણ એ છે કે, સ્વતંત્રતા પહેલા ભારતમાં કુલ-૫૮૨ દેશી રજવાડા હતાં. જે પૈકી લગભગ અડધા એટલે કે ૨૬૨ રજવાડાઓ તો ગુજરાતમાં જ હતા. આમાના પ્રથમ વર્ગના ૬ થી ૭ રજવાડાઓ હતા. બીજા અને ત્રીજા વર્ગના ૧૫૦ જેટલા રજાવાડાઓ હતા. આ બધા રજવાડાઓ વહીવટ તથા વિકાસની દ્રષ્ટિએ ઘણા સમૃદ્ધ હતા. જેના લીધે તેમના વહીવટી દફતરો લાખોની સંખ્યામાં આ ખાતાની જીલ્લાની કચેરીઓમાં સંગ્રહાયેલા છે. આ બધા દફતરો વહીવટી અને આર્કીવલ દ્રષ્ટિએ કાયમી ધોરણે સાચવવા પાત્ર છે. તદઉપરાંત ગુજરાતમાં શૈક્ષણીક સંસ્થાઓ યુનિવર્સિટીઓ, મહાવિદ્યાલયો, સંશોધન કેન્દ્રોની મદદ માટે આર્કાઈવ્ઝ માર્ગદર્શક અને માહિતી પુરૂ પાડતું અનિવાર્ય અને

આધારભૂત અંગ છે.

**અભિલેખાગાર ની કામગીરી**

- અભિલેખાગાર દ્વારા ગુજરાત રાજય માં આવેલ દેશી રજવાડાંઓ જેવા કે વડોદરા, રાજકોટ, ભાવનગર, અને પોરબંદર વગેરેનાં અતિ મૂલ્યવાન દસ્તાવેજોની સાચવણી કરવામાં આવે છે.
- ગુજરાત સરકાર તમામ પ્રકારની કાયમી દફતરની વૈજ્ઞાનિક ઢબે જાળવણી કરી તેમજ સરકારી ખાતાઓના વડાઓને દફતરની જાળણી અંગે સલાહ સૂચના આપી., રેકર્ડમાંથી માહિતી માંગવામાં આવે તે પૂરી પાડી, તથા તેની પ્રકાણિત નકલ આપવી.
- ઐતિહાસિક સંશોધન માટે સંશોધક તથા લોકોને નિયમોની મર્યાદામાં રેકર્ડ તપાસવા દઈ રેકર્ડની સંર્દભસૂચિ તૈયાર કરી છપાવવી.
- સંશોધકોને સંશોધન માટે પ્રોત્સાહન અને સવલત આપી મહત્વના રેકર્ડની માઈક્રોફિલ્મ તૈયાર કરવી.
- ખાનગી સંસ્થાઓને વ્યકિતઓ પાસે જે ખાનગી રેકર્ડ હોય તેની મોજણી કરી અને મહત્વના રેકર્ડ ભેટ

સ્વરૂપે અથવા નકલ કરી અથવા ખરીદી લઈ, લોકોમાં દફતર સંગ્રહનાં મહત્વ અંગે જાગૃતિ કેળવવી.

- ગુજરાતના સાંસ્કૃતિક, રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક દસ્તાવેજી, ઐતિહાસિક વારસાની સાચવણી કરવી.

ઉપરોક્ત કામગીરી અભિલેખાગાર કચેરીઓ દ્વારા કરવામાં આવે છે.

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૦૬**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૧૬૪**<br>**પ્રશ્નની વિગત: અભિલેખાગાર દ્વારા પી.જી.ડિપ્લોમા ઈન આર્કાઈવ્ઝ માટે એમ.ઓ.યુ.**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી સંદિપભાઈ દેસાઈ (ચોર્યાસી)** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી અરવિંદભાઈ રણા(સુરત પૂર્વ)** |
| **પૂરક પ્રશ્ન (૨) પ્રજાને સરળતાથી દસ્તાવેજોની નકલ મળી રહે તે માટે અભિલેખાગાર કચેરીમાં આધુનિકીકરણની યોજના ચાલુ છે કે કેમ?** |
| **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br>ગુજરાત રાજ્ય પોતાનો અમુલ્ય વારસો સારી રીતે અને વૈજ્ઞાનિક રીતે સચવાઈ રહે અને સમાન્ય માનવી તેનુ સરળતાથી “એકસેસ” કરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવી તે “ગુડ ગવર્નસ “ ના ક્ષેત્રેમાં નોંધપાત્ર બાબત છે. ગુજરાત સરકારના રમત ગમત ,યુવા અને સાંસ્કુતિક વિભાગ દ્રારા આ ક્ષેત્રમાં વિશેષ અને સચોટ કામગીરી થઈ રહી છે. જેમા અભિલેખગારની કચેરી દ્રારા ‘ડીઝીટલ ઈન્ડીયા’ અને ‘સ્કીલ ઈન્ડીયા’ના સંકલ્પને સાકાર કરવા માટે |

નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ગુજરાત રાજ્યના રાજાશાહી સમયના ઐતિહાસિક વારસાને વિશ્વના કોઈ પણ ખુણે થી કોઈ પણ જોઈ શકે અને તેને ડાઉનલોડ  કરી શકે તે માટે નવી વેબસાઈટ તૈયાર કરી છે. ઓનલાઈન એકસેસ માટે જુદા જુદા ડોક્યુમેન્ટ અપલોડ કરવાની કામગીરી ચાલુ છે. જેથી ગુજરાતના રાજાશાહી સમયના ભવ્ય સાંસ્કૃતિક વારસાનો પ્રચાર પ્રસાર વિશ્વ કક્ષાએ થશે અને ગુજરાતનું ગૌરવ વધશે.

(૨) ગુજરાત રાજ્ય અભિલેખાગારમાં સચવાયેલ તમામ દસ્તાવેજોમાથી હાલ ૮૮%   ડીઝીટાઈઝની કામગીરી પૂર્ણ કરેલ છે. બાકીની કામગીરી ટુંક સમયમાં પુર્ણ કરી સમગ્ર દેશમા પ્રથમ રાજ્ય ગુજરાત હશે કે જેના અભિલેખાગારના તમામ દસ્તાવેજો ૧૦૦% ડીઝીટાઈઝ થયેલ હશે.

(૩) સામાન્ય પ્રજા અને સંશોધકો અભિલેખાગારમાં સચવાયેલા દરેક દસ્તાવેજો સરળતાથી ઓનલાઈન એકસેસ કરી શકશે તથા પોતાને જરૂરી રેકર્ડ સરળતાથી મેળવી શકશે.

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૦૬**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૧૬૪**<br>**પ્રશ્નની વિગત: અભિલેખાગાર દ્વારા પી.જી.ડિપ્લોમા ઈન આર્કાઈવ્ઝ માટે એમ.ઓ.યુ.**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી સંદિપભાઈ દેસાઈ (ચોર્યાસી)** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી પટેલ મનુભાઈ એમ. (ઉધના)** |
| **પૂરક પ્રશ્ન (૩) અભિલેખાગાર કચેરી દ્વારા શરૂ કરવામાં આવેલ પી.જી.ડિપ્લોમા ઈન આર્કાઈવ્ઝ કોર્ષ વિશે માહિતી આપો.** |
| **જવાબ:**<br>**માન.અદ્યક્ષશ્રી**<br>ભારત દેશને વિશ્વગુરૂનો સંકલ્પ સાકાર કરવા માટે ૫૦૦૦ ટ્રિલિયન અર્થતંત્રના સંકલ્પને સિદ્ધ કરવા માટે માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા ભારતની શિક્ષણ નીતિ ૨૦૨૦ "કોશલ્ય શિક્ષણ" (સ્કીલ એજ્યુકેશન) પર વિશેષ ભાર મુકેલ છે. તેના થકી ભારત દેશ આત્મનિર્ભર બનશે અને યુવાનોમાં રોજગારીની સુવર્ણતકો ઊભી થશે.<br><br>અભિલેખાગાર ખાતા દ્વારા ડિજીટલ ઈન્ડિયા અને સ્કીલ ઈન્ડિયા ના સંકલ્પને સાકાર કરવા માટે અને |

ભવિષ્યમાં નવયુવાનોને અભિલેખાગાર ક્ષેત્રમાં રોજગારીની વિશાળ તકો ઉપલબ્ધ થાય તે શુભ હેતુ થી " પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન આર્કાઈવ્ઝ સ્ટડી " નામથી એક નવા કોન્સેપ્ટ સાથેનો કોર્ષ શરૂ કરવામાં આવેલ છે.

ઈતિહાસ વિષય સાથે સ્નાતક થયેલ વિદ્યાર્થીઓમાં ઐતિહાસિક ડોક્યુમેન્ટ અને દસ્તાવેજોનું વર્ગીકરણ, જાળવણી અને ડીઝિટલાઈઝેશન અંગેનું પ્રેકટિકલ જ્ઞાન વિકાસ પામે અને વિદ્યાર્થીઓ માટે આ વિષય દ્વારા રોજગારી સંબંધી કૌશલ્ય વિકાસાવી શકાય.

ગુજરાત સરકારશ્રીના શ્રમ, કૌશલ્ય, વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા સ્થાપિત કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી સાથે ટાઈઅપ કરીને આ કોર્ષ શરૂ કરવામાં આવેલ છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧૯ વિદ્યાર્થીઓને આ કોર્ષમાં પ્રવેશ આપેલ છે.

વિદ્યાર્થીઓને ૬ માસ થિએરિકલ શિક્ષણ અને ૬ માસ પ્રેકટિકલ શિક્ષણ આપવામાં આવે છે.

પ્રેકટિકલ શિક્ષણ સમયે અભિલેખાગારની જુદી-જુદી કચેરીઓમાં તેમને પ્રેકટિકલ તાલીમ આપવામાં આવે છે. અને દરેક વિદ્યાર્થીને પ્રતિ માસ ૧૨૦૦૦ રૂપિયા સ્ટાઈફંડ ચુકવવામાં આવે છે.

સમગ્ર ગુજરાતમાં કોઈ પણ યુનિવર્સિટીમાં આ કોર્ષ ચાલતો નથી.અભિલેખાગાર ખાતા દ્વારા આ નવો

રોજગારલક્ષી કોર્ષ શરૂ કરવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓ EARN WHILE LEARN(ભણતરની સાથે રોજગારી) મેળવે છે.